

# પરિષદવૃત્ત

**સંકલન : અનિલા દલાલ**

ગુજરાતી સાહિત્ય પરિષદની મધ્યસ્થ સમિતિ તેમજ કાર્યવાહક સમિતિના સ્થાનિક સભ્યો, અન્ય સાહિત્યકારો તેમજ કેટલાક કર્મશીલોની એક બેઠક, સ્વ. ઉમાશંકર જોશીના એકાંકીસંગ્રહ 'સાપના ભારા' ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના અભ્યાસક્રમમાંથી કાઢી નાખવામાં આવ્યો, ઉત્તર ગુજરાતમાં સળગાવવામાં આવ્યો, ગુજરાત યુનિવર્સિટીની અભ્યાસક્રમ સમિતિ પણ અભ્યાસક્રમમાંથી સંગ્રહને રદ કરવા વિચારી રહી છે એ ચિંતાજનક ઘટનાના સંદર્ભે, પરિષદ-પ્રમુખશ્રી નારાયણ દેસાઈના સૂચનથી પરિષદભવનમાં તા. ૨૫-૫-૨૦૦૮ સાંજે યોજવામાં આવી હતી. શ્રી નારાયણ દેસાઈના અધ્યક્ષસ્થાને મળેલી એ સભાએ સર્વાનુમતે નીચે પ્રમાણેનો ઠરાવ પસાર કર્યો :

શ્રી ઉમાશંકર જોશીના 'સાપના ભારા' એકાંકીસંગ્રહમાંના 'ઢેઢના ઢેઢ ભંગી' એ એકાંકીનો ઝીણવટથી અભ્યાસ કરતાં સમજાય છે કે નાટકકારનો હેતુ વર્ગભેદના અનિષ્ટને રેખાંકિત કરી દૂર કરવાનો છે. તેમાં કોઈ જાતિ પ્રત્યેનો દ્વેષ કે અપમાનભાવ નથી. એક ઉત્તમ કલાકૃતિ તરીકે આ એકાંકીની પ્રતિષ્ઠા થયેલી છે. સાહિત્યના વિદ્યાર્થીઓને સામાજિક વાસ્તવ પ્રત્યે જાગ્રત કરે એવું આ એકાંકી છે.

આચાર્ય હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીએ 'ઢેઢના ઢેઢ ભંગી' શીર્ષકને લીધે 'સાપના ભારા' એકાંકીસંગ્રહને અભ્યાસક્રમમાંથી રદ કરવાનો નિર્ણય કર્યો છે. તેનો આ સભા વિરોધ કરે છે અને યુનિવર્સિટીના કુલપતિશ્રી અને ગુજરાતીની અભ્યાસક્રમ સમિતિને આ નિર્ણય રદ કરી આ પુસ્તકને પુનઃ અભ્યાસક્રમમાં ચાલુ રાખવા અનુરોધ કરે છે. ગુજરાત યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અભ્યાસક્રમમાં આ કૃતિને નિયત કરવા અંગે અભ્યાસ સમિતિમાં જે ચર્ચા ચાલી છે તે અંગે પણ વિધેયાત્મક નિર્ણય લેવા ગુજરાતીની અભ્યાસક્રમ સમિતિને અને કુલપતિશ્રીને અનુરોધ કરે છે.

અભ્યાસક્રમમાં નિયત આ કૃતિ બાબતે જે રીતે જાહેરમાં વિરોધ પ્રદર્શિત કરવામાં આવ્યો તે ખેદજનક છે. આ સભા આવા દેખાવોને સખત રીતે વખોડી કાઢે છે.

આ અંગે બંને યુનિવર્સિટીઓની અભ્યાસક્રમ સમિતિઓને અને કુલપતિશ્રીઓને ૩૦ જૂન સુધીમાં વિધેયાત્મક નિર્ણય લેવા આ સમિતિ અનુરોધ કરે છે. આ પ્રશ્નને ગંભીર ગણીને તાત્કાલિક નિર્ણય નહિ લેવાય તો સક્રિય પગલાં લેવાની આ સભાને ફરજ પડશે.

આ સભા પ્રમુખશ્રીને આ ઠરાવને યોગ્ય સ્થાનોએ મોકલવાની સત્તા આપે છે.

(૨) ઉપરોક્ત બેઠક મળ્યા પછી તરત – એટલે કે તા. ૨૫-૫-૦૮ની સાંજે જ – ઊંઝા જોડણીના સમર્થકો અને કોશમાન્ય જોડણીના સમર્થકો વચ્ચે સંવાદની ભૂમિકા રચાય તે માટે પરિષદ-પ્રમુખશ્રી નારાયણ દેસાઈની ઉપસ્થિતિમાં એ સમિતિના સભ્યોની એક બેઠક યોજવામાં આવી હતી.

(૩) ૨૮-૫-૦૮ – કવિલોક ટ્રસ્ટની શતાબ્દીનું વર્ષ હોવાથી પરિષદભવનમાં શ્રી



ભોળાભાઈ પટેલે બંગાળી કવિ શ્રી બુદ્ધદેવ બસુની કવિતા વિશે અભ્યાસપૂર્ણ વક્તવ્ય આપ્યું હતું. કવિશ્રી બુદ્ધદેવનું આ જન્મશતાબ્દી-વર્ષ છે.

(૪) સાહિત્ય-સંગમ, સુરત તરફથી અમદાવાદમાં 'સાહિત્ય-સંકુલ' પુસ્તક-પ્રકાશન-વેચાણના કેન્દ્રનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું, તે નિમિત્તે તા. ૧-૬-૦૮ના રોજ સવારે ઇન્કમટૅક્ષ સર્કલથી ગ્રંથયાત્રા યોજવામાં આવી, જે પછી પરિષદભવનમાં આવી પહોંચી. ઘણા સાહિત્યકારો – પ્રકાશકો રા. વિ. પાઠક સભાગૃહમાં એકઠા થયા અને વરિષ્ઠ સાહિત્યસર્જકોએ હાજર સૌને ઉદ્‌બોધન કર્યું હતું. શ્રી નાનુભાઈ નાયક અને શ્રી જનક નાયકને ખાસ ખાસ અભિનંદન – ધન્યવાદ પાઠવ્યાં.

(૫) તા. ૫-૬-૨૦૦૮ – રવીન્દ્રભવનના ઉપક્રમે શ્રી શૈલેષભાઈ પારેખે તેમની રવીન્દ્રભૂમિની યાત્રા વિશે – એ વિશિષ્ટ સ્થળો વિશે, પોતાના અનુભવોની વાત કરી, અને પછી બે મહિના ઉપર દિલ્હીમાં મળેલી રવીન્દ્રનાથ વિશેની બેઠકો – પરિસંવાદ – સંગીત – નૃત્યની પણ વિગત આપી. તે પછી 'યદિ પ્રેમ દિલે ના પ્રાણે' એ રવીન્દ્રનાથના ગીતના અંગ્રેજી અનુવાદનું ગાન કૅસેટ દ્વારા સંભળાવ્યું. શ્રી ભોળાભાઈ પટેલે પછીથી એ કાવ્યનો આસ્વાદ, અર્થઘટન પોતાની દૃષ્ટિએ કરાવ્યાં. કાવ્યમાં રહેલી સંકુલતા, અર્થના સ્તરોની વિવિધતા ખોલી આપવાનો પ્રયાસ કર્યો.

(૬) 'આપણો સાહિત્યવારસો' અંતર્ગત 'દરિયાપારના સર્જકો' એ શ્રેણીમાં સાહિત્ય પરિષદના ઉપક્રમે યુ.એસ.એ.થી આવેલ કવિશ્રી આદિલ મન્સૂરીના કાવ્યપઠનનો કાર્યક્રમ તા. ૧૦-૬-૦૮ની સાંજે ગોવર્ધન સ્મૃતિ મંદિરમાં યોજાઈ ગયો. શ્રી રાજેન્દ્ર પટેલે કવિનો પરિચય આપ્યો, શ્રી રતિલાલ બોરીસાગરે આભારવિધિ કરી.

(૭) તા. ૧૨-૬-૦૮ – શ્રી પ્રદીપ ખાંડવાલા સાથે નવોદિત કવિઓનું એક મિલન પરિષદના ઉપક્રમે યોજવામાં આવ્યું.

## એનીબહેન સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિ

પરિષદ અંતર્ગત આ નિધિના ઉપક્રમે આ વર્ષે બહેનો માટે નિબંધ-લેખનની સ્પર્ધા યોજવામાં આવી છે (પરબ – એપ્રિલનો અંક). 'નિબંધ' સંજ્ઞાને વ્યાપક સંદર્ભે લેવામાં આવશે, એટલે કે લલિત નિબંધ, હાસ્ય નિબંધ, ચરિત્ર નિબંધ, પ્રવાસ નિબંધ તેમજ ચિંતનાત્મક નિબંધ – એમ પાંચ પ્રકારના નિબંધને આવરી લેવાનું વિચાર્યું છે. કોઈ પણ એક નિબંધ પહોંચાડવાનો છે, નિબંધ અપ્રકટ હોવો જરૂરી છે, તેમજ ૧૩૦૦થી ૧૫૦૦ શબ્દોની મર્યાદામાં લખાયેલો હોવો જોઈએ. ટાઇપ કરી શકાય, તેમજ સુવાચ્ય અક્ષરોમાં લખેલો હોય તો ચાલે. નિબંધ મોકલવાની આખરી તારીખ ૩૧-૮-૨૦૦૮ રાખવામાં આવી છે. પરિષદની ઑફિસે આ તારીખની મર્યાદામાં નિબંધ પહોંચાડવા વિનંતી છે. (નામ, સરનામું, ફોનનંબર વગેરે માહિતી સાથે લખવી) પ્રથમ ઇનામ : રૂ. ૩૫૦૦/-; દ્વિતીય; રૂ. ૨૫૦૦/-; તૃતીય : રૂ. ૧૫૦૦/-

## (મુંબઈના સમાચાર)

મુંબઈની અગ્રગણ્ય મરાઠી સંસ્થા ''સાને ગુરુજી રાષ્ટ્રીય સ્મારક ટ્રસ્ટ'' દ્વારા ૪થી મેએ શ્રી નારાયણ દેસાઈનું અભિવાદન કરવામાં આવ્યું હતું. નારાયણભાઈની ગુજરાતી સાહિત્ય

પરિષદના પ્રમુખ તરીકે વરણી થઈ તે નિમિત્તે આ કાર્યક્રમ યોજાયો હતો. ભારતમાં બોલાતી વિવિધ ભાષાઓમાં આદાનપ્રદાન દ્વારા દેશની એકતા સધાય એવું સાને ગુરુજીનું સપનું હતું. તે માટે ''આંતરભારતી અનુવાદ સુવિધા કેન્દ્ર'' સ્થપાયું છે. કેન્દ્રના અધ્યક્ષ રામદાસ ભટકળે જાહેર કર્યું હતું કે અનુવાદકો તૈયાર કરવાનો અભ્યાસક્રમ ટૂંકમાં શરૂ થશે.

ગુજરાતી સાહિત્ય પરિષદના પૂર્વ પ્રમુખ ધીરુબહેન પટેલે જણાવ્યું, નારાયણભાઈ પૂર્ણપણે ગાંધીમય વ્યક્તિત્વ છે. નારાયણભાઈને મરાઠી વાઙ્મય કોશ સાદર કરાયો હતો. નારાયણભાઈએ પોતાના વક્તવ્યમાં કહ્યું કે ''ગાંધીકથા મારો મુખ્ય ધંધો છે, સાહિત્ય પરિષદ કે વિદ્યાપીઠ તો આડપેદાશ છે. દલિતો લઘુમતી કોમ અને સ્ત્રીઓનું સાહિત્ય મુખ્ય ધારામાં હોવાને કારણે મલયાલમ ભાષા ખૂબ સબળ બની છે. ભારતીય વિદ્યાર્થી શેક્સપિયર અને મિલ્ટન વિશે જાણે છે તેટલું તુકારામ કે જ્ઞાનેશ્વર વિશે નથી જાણતો એ ખેદજનક. મોટી સંખ્યામાં મરાઠી સાહિત્યકારો અને ધીરુબહેન પટેલ, વર્ષા અડાલજા, ઉદયન ઠક્કર, નલિની માડગાંવકર સહુએ સાથે મળીને મરાઠી કોશની અર્પણવિધિ કરી હતી.

**– વર્ષા અડાલજા (મુંબઈ)**

## ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે વ્યાખ્યાન યોજના અંગે

ગુજરાતી ભાષા અને સાહિત્ય ક્ષેત્રે સક્રિય એવી સાહિત્યિક તથા શૈક્ષણિક સંસ્થાઓને જણાવતાં આનંદ થાય છે કે ગુજરાતી સાહિત્ય પરિષદ સાહિત્યિક આબોહવાને જીવંત રાખવા વિવિધ વ્યાખ્યાનમાળાઓનું આયોજન કરે છે. આ પ્રકારની પ્રવૃત્તિઓમાં રસ ધરાવતી સંસ્થાઓ પરિષદના ઉપક્રમે વ્યાખ્યાન યોજે તેવું પરિષદનું જાહેર નિમંત્રણ છે. વ્યાખ્યાનનું આયોજન કરવા ઇચ્છતી સંસ્થા શી રીતે સહયોગ આપી શકશે તે બાબતે પરિષદનો સંપર્ક કરે તેવી અપીલ છે. આશા છે કે ગુજરાત અને ગુજરાત બહાર સાહિત્ય પ્રસાર અંગેના આ વિચારમાં સહભાગી થવાનું સંસ્થાઓને ગમશે. કુલ ૧૨ જેટલી વ્યાખ્યાનશ્રેણીઓની યાદી અત્રે પ્રસ્તુત છે :

(૧) યશવંત પંડ્યા વ્યાખ્યાનમાળા
(૨) ઉશનસ્ વ્યાખ્યાનમાળા
(૩) ગની દહીંવાલા વ્યાખ્યાનમાળા (ગઝલવિષયક)
(૪) પી. જે. ઉદાણી લોકસાહિત્ય વ્યાખ્યાનમાળા
(૫) વિશ્વનાથ મગનલાલ ભટ્ટ વ્યાખ્યાનમાળા
(૬) તારાબહેન મંગળદાસ મહેતા વ્યાખ્યાનમાળા
(૭) સુધાબહેન દેસાઈ વ્યાખ્યાનમાળા
(૮) કે. બી. વ્યાસ વ્યાખ્યાનમાળા
(૯) વ્રજલાલ દવે સાહિત્ય વિષયક વ્યાખ્યાનમાળા
(૧૦) વ્રજલાલ દવે શિક્ષણ વિષયક વ્યાખ્યાનમાળા
(૧૧) ચંદ્રકાન્ત શેઠ પ્રેરિત બાલમિત્ર વ્યાખ્યાનમાળા
(૧૨) ભક્તિપ્રસાદ મો. ત્રિવેદી વ્યાખ્યાનમાળા (પત્રકારત્વ વિષયક)

**નોંધ :** યશવંત પંડ્યા વ્યાખ્યાનમાળા – ભાવનગર મુકામે અને ઉશનસ્ વ્યાખ્યાન-માળા અતુલ – વલસાડ મુકામે યોજાય છે. અન્ય વ્યાખ્યાનમાળા અંગે સ્થળનું બંધન નથી.